| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ. | ૧૫/૦૫/૨૦૧૭ | | |
| રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૫/૦૫/૨૦૧૭ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૨/ ૦૨ /૨૦૨૧ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૩ | ૦૮ | ૨૮ |

**બનાસકાંઠા જિલ્લાના મહે. બીજા એડી.સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– ડીસા.**

**સેશન્સ કેસ નં.૧૦૦/૨૦૧૭**
**આંક :–**

શ્રી સરકાર ......ફરીયાદી.

**વિરૂધ્ધ**

રામજીજી ભરતજી ઠાકોર
ઉ.વ.આ. ૨૫, ધંધો– ખેતી
રહે. રામસણ, તા. ડીસા જી.બનાસકાંઠા

....આરોપી.

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**એડવોકેટસ:–**
ફરીયાદ પક્ષ તરફે :– વિ. એડી.પી.પી. શ્રી. ડી.પી.પટેલ
આરોપી પક્ષ તરફે :– વિ.વ.શ્રી .એમ.પી.પરમાર

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**// જજમેન્ટ //**

**(ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે ૩૫૩ વાંચતા)**

**(૧) ફરીયાદ પક્ષની હકીકત:–**

ફરીયાદપક્ષની ટુંકમાં હકિકત મુજબ ફરીયાદી/ભોગબનનાર, ઉ.વ. ૨૮,ધંધો–

ઘરકામ તેમજ ખેત મજુરી, રહે. રામસણ, તા. ડીસા નાએ તા.૧૪/૦૫/૨૦૧૭ ના રોજ આપેલ ફરીયાદમાં જણાવેલ છે કે, ''રુબરુમાં આવી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવું છું કે હું ઉપર બતાવેલ ઠેકાણે રહું છું અને બતાવ્યા મુજબનો ધંધો કરું છું. મારા લગ્ન આજથી નવેક વર્ષ પહેલાં થયેલ છે. મારે સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે જે બધા નાની ઉંમરના છે. હું તથા મારા પતિ એકલા રામસણ ગામની સીમમાં વડલા વાળા નામથી ઓળખાતા ખેતરમાં રહીએ છીએ. અમારે જમીન ઓછી હોવાથી મારા પતિએ રામસણ ગામના પટેલ ધનાજી નગાજીનાખેતરમાં ભાગેથી વાવેતરકરેલ છે. મારે બે દિયર અને ત્રણ જેઠ છે.તમામ અમારાથી અલગ તેમના કુટુંબ સાથે રહે છે અને અમારા ખેતરની ઉપરના ભાગે અમારા કુટુંબમાં રામજીજી ભરતજી ઠાકોર તેમના કુટુંબ સાથે રહે છે.

આજથી આશરે ત્રણેક માસ ઉપર સાંજના સમયે મારા પતિ ભાગથી વાવેતર કરેલ ખેતરે ગયેલા હતા અને રાતના સમયે હું મારા ખેતરમાં બનાવેલ છાપરે હાજર હતી તે વખતે અમારા બાજુમાં રહેતા રામજીજી ભરતજી ઠાકોર નાઓ રાતના આશરે દશેક વાગ્યાના સમયે મારા છાપરે આવેલા અને કહેલ કે કયા ગયા તારા ઘરવાળા તેમ કહેતાં મે કહેલ કે મારા પતિ પાણત કરવા સારુ ગયેલ છે તેમ કહેતાં તેણે મારી એકલતાનો લાભ લઈ મને મારા છાપરામાં ખેંચી નીચે પાડી દીધેલ અને મારું મોઢું દબાવી મારી સાથે મરજી વિરુધ્ધમાં તેણે મારા ઉપર બદકામ કરેલ. આ બાબતે મે કુકવા કરતાં કોઈ હાજર ન હોઈ આ રામજીજીએ કહેલ કે આ વાત કોઈને કરીશ તો તને બદનામ કરી નાખીશ તેમ કહી જતો રહેલ, હું રાતના સુઈ ગયેલ અને મારા પતિ સવારમાં ઘરે આવતાં મે તેમને આ વાત કરેલ ન હતી અને ત્યારપછી અવારનવાર આ રામજીજી અમારા ઘરે આવી મને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મને હેરાન કરવા લાગેલ જેથી પાંચેક દિવસ પછી આ બનાવની વાત મે મારા પતિને કરેલ હતી અને મારા પતિ તેમના સગાભાઈ દશરથજી હીરાજી તથા હિન્દુજી હીરાજીને તથા કુટુંબમાં વાત કરતાં ઘરના મોભી માણસો દ્વારા આ રામજીજીના ઘરના માણસોને વાત કરતાં સમાજ રાહે નિકાલ થઈ જશે તેમ માની આજદિન સુધી ફરીયાદ કરવાનું ટાળેલ હતું. તેમના ઘરના કુટુંબી માણસો તરફથી આજદીન સુધી કોઈ જવાબ ન મળતાં આજરોજ મારા પતિ સાથે હું ફરીયાદ જાહેર કરવા આવેલ છું. તો મારી ધોરણસર તપાસ થવા મારી ફરીયાદ

છે. તો આ રામજીજી ભરતજી મારી એકલતાનો લાભ લઈ મારી મરજી વિરુધ્ધ બાત્કાર કરેલ હોઈ તેના સામે ધોરણસર તપાસ થવા ફરીયાદ છે. ''

(૨) ફરીયાદીની આ ફરીયાદના આધારે આગથળા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુના રજી.નં .૨૪/૨૦૧૭, ઈ. પી. કો.કલમ–૩૭૬,૫૦૬(૨) મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે અને ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુનાના કામે આરોપી સામે જરુરી તપાસ કરી ઈ. પી. કોડની કલમ–૩૭૬, ૫૦૬(૨) મુજબનું ચાર્જશીટ આરોપી સામે રજુ કરેલું છે.

**(૩) પોલીસ તપાસની વિગત:–**

તપાસ કરનાર અમલદાર દવારા તા.૧૪/૦૫/૨૦૧૭ ની ફરીયાદ બાદ તેજ દિવસે એટલે કે તા.૧૪/૫/૧૭ ના રોજ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચ ઉમંગભાઈ રુપાજી ઠાકોર તથા અશોકભાઈ જીતાજી રાવણા નાઓની રુબરુ કરવામાં આવેલું છે તેમજ તેજ દિવસે ભોગબનનારનું શરીરસ્થિતીનું પંચનામું પંચ શંભુજી ઉકાજી ઠાકોર તથા અમરબેન પોપટજી ઠાકોર નાઓની રુબરુમાં કરવામાં આવેલ છે તેમજ તેજ દિવસે સાહેદ પારુબેન હીરાજી ઠાકોર, દશરથજી હીરાજી ઠાકોર, હેદુજી હીરાજી ઠાકોર તથા પ્રવિણજી હીરાજી ઠાકોર નાઓના નિવેદનો લેવામાં આવેલ છે તેમજ તેજ દિવસ ે ભોગબનનારનું સી.એચ.સી લાખણીનું સર્ટીફીકેટ મેળવેલ.ત્યારબાદ તા.૧૫/૫/૧૭ ના રોજ સાહેદ હીરાજી ધીરાજી ઠાકોરનું નિવેદન લીધેલ તેમજ તા. ૧૬/૫/૧૭ ના રોજ ફરીયાદી/ભોગબનનારનું સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન લેવડાવેલ. ત્યારબાદ તા. ૯/૭/૧૭ ના રોજ આરોપીની શરીરસ્થિતીનું પંચનામું પંચ હજુરજી જણાજી વાઘેલા તથા અજમલજી નાથુજી ઠાકોર નાઓની રુબરુ કરવામાં આવેલ તેમજ તેજ દિવસે બંને ભોગબનનારના જવાબો લીધેલ તેમજ તેજ દિવસ ે આરોપીનું સી.એચ.સી. લાખણીનું મેડીકલ સર્ટીફીકેટ વિગેરે મેળવી સી.આર. પી.સી ની કલમ–૧૫૫ થી ૧૭૨ લક્ષમાં લઈ સી.આર.પી.સીની કલમ–૧૭૩ મુજબ આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૭૬,૫૦૬(૨) મુજબનો ગુન્હો બને છે તે મતલબનું ચાર્જશીટ રજુ કરેલું. ચાર્જશીટ રજુ થયા બાદ ડીસાના વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીનાએ આ

કેસ સી.આર.પી.સી.ની કલમ–૨૦૯ હેઠળ તારીખ–૧૭/૧૧ /૨૦૧૭ ના રોજ કમીટ કરેલ છે.

## (૪) તહોમતનામા અંગે :–

આ કેસ કમીટ થઈ આવતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૨૮(૧)(બી) મુજબ તહોમતનામું ઈ.પી.કો. કલમ– ૩૭૬, ૫૦૬(૨) મુજબનું તહોમતનામુ આંક–૭ થી ફરમાવવામાં આવેલ અને જે સંદર્ભે આંક–૮ થી આરોપીનું નિવેદન તહોમતનામા સંદર્ભે લેતાં આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૧(૧)મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલા.

**૪.૧.** ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની સાથે ૨૩૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલું જેમાં આરોપીએ તેની સામે પાછળથી ઘણા લાંબા સમય બાદ ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ આપી ખોટું ચાર્જશીટ કરેલ છે તેવી વિગત જણાવેલી છે.અરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી.

**૪.૨** ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ–૨૩૪ મુજબ એડિ.પી.પી. શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

## (૫) ફરીયાદપક્ષનો પુરાવો :–

### ૫.૧. ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

| અનુ. નંબર. | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર અને વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી/ભોગ બનનાર | ફરીયાદી/ભોગ બનનાર | ૧૨ |
| ૨ | ઉમંગભાઈ રુપાજી ઠાકોર | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ | ૧૭ |
| ૩ | શંભુજી ઉકાજી ઠાકોર | ભોગ બનનારની શરીરસ્થિતીના પંચનામાના પંચ | ૧૯ |
| ૪ | હજુરજી જલાજી ઠાકોર | આરોપીની શરીરસ્થિતીના પંચનામાના | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| | | પંચ | |
| ૫ | ભોગબનનારના પતિ | ફરીયાદી/ભોગબનનારના પતિ કે જેઓને બનાવની હકીકત ભોગબનનારે કીધેલી એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતા સાહેદ | ૨૪ |
| ૬ | ભોગબનનારના સાસુ | ફરીયાદી/ભોગબનનારના સાસુ કે જેઓને બનાવની હકીકત ભોગબનનારે કીધેલી એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ | ૨૬ |
| ૭ | ભોગબનનારના દિયર | ફરીયાદી/ભોગબનનારના દિયરકે જેઓને બનાવની હકીકત ભોગબનનારે કીધેલી એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ | ૨૮ |
| ૮ | ભોગબનનારના બીજા દિયર | ફરીયાદી/ભોગબનનારના દિયર કે જેઓને બનાવની હકીકત ભોગબનનારે કીધેલી એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ | ૨૯ |
| ૯ | અજમલજી નાથુજી ઠાકોર | આરોપીન કપડા કબજે કર્યાના પંચનામાના પંચ | ૩૦ |
| ૧૦ | ડો. ચંદ્રકાંત પરશુરામ ખત્રી | ફરીયાદી/ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર સાહેદ | ૩૧ |
| ૧૧ | ડો.શૈલેષકુમાર અમૃતલાલ આનંદ | આરોપીની શારીરીક તપાસણી કરનાર સાહેદ | ૩૪ |
| ૧૨ | ભોજાજી જીવાજી રાજપુત ( એ.એસ.આઈ ) | ફરીયાદી/ભોગબનનારની ફરીયાદ લ ેનાર | ૩૭ |
| ૧૩ | અમીતભાઈ કાંતીભાઈ ભરવાડ( પી.એસ.આઈ ) | ત.ક.અ. ગુનાની તપાસ કરનાર સાહેદ | ૩૯ |
| ૧૪ | હરેશભાઈ કરશનભાઈ મકવાણા(પી.એસ.આઈ) | ત.ક.અ. ગુનાની વધુ તપાસ કરનાર સાહેદ | ૪૫ |
| ૧૫ | ડો.પરવીનબાનો અમાનુલહક અંસારી | મુદ્દામાલ પૃથ્થકરણ કરનાર એફ.એસ.એલ અધિકારી | ૪૮ |
| ૧૬ | મોહંમદકાસીમ | મુદ્દામાલ પરીક્ષણ કરનાર | ૫૪ |

| | | | |
|---|---|---|---|
| | ગુલામમહયુદ્દીન શેખ | એફ.એસ.એલ અધિકારી | |

**૫.૨ ફરીયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| **અનુ. નંબર** | **દસ્તાવેજનું નામ** | **દસ્તાવેજનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧ | ફરીયાદ | ફરીયાદી/ભોગબનનારની ફરીયાદ | ૧૩ |
| ૨ | નિવેદન | ફરીયાદી/ભોગબનનારનું સી.આર.પી.સી.ક. ૧૬૪ નું નિવેદન | ૧૪ |
| ૩ | પંચનામું | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૪ | પંચનામું | ભોગ બનનારનું શારીરસ્થિતીનું પંચનામું તથા ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૦ |
| ૫ | પંચનામું | આરોપીની શરીરસ્થિતીનું પંચનામું | ૨૨ |
| ૬ | કેસ પેપર્સ | ભોગબનનારના મેડીકલ કેસ પેપર્સ | ૩૨ |
| ૭ | પોલીસ યાદી | ભોગબનનારની શારીરીક તપાસણી માટે લખેલ પોલીસ યાદી | ૩૩ |
| ૮ | કેસ પેપર્સ | આરોપીના મેડીકલ કેસ પેપર્સ | ૩૫ |
| ૯ | પોલીસ યાદી | આરોપીની શારીરીક તપાસણી માટે લખેલ પોલીસ યાદી | ૩૬ |
| ૧૦ | સુચિપત્રક | ગુનાનું સુચીપત્રક | ૩૮ |
| ૧૧ | પોલીસ યાદી | ભોગબનનારનું સી.આર.પી.સી.ક.૧૬૪ નું નિવેદન લેવા કરેલ યાદી | ૪૦ |
| ૧૨ | યાદી | ભોગબનનારનુે ૧૬૪ નું નિવેદન ત.ક.અને સુપરત કર્યાની યાદી | ૪૧ |
| ૧૩ | રવાનગી પત્રક | રવાનગી પત્રક | ૪૬ |
| ૧૪ | પહોચ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૪૯ |
| ૧૫ | પત્ર | એફ.એસ.એલ. વિભાગે લખેલ પત્ર | ૫૦ |
| ૧૬ | અહેવાલ | એફ.એસ.એલ.પૃથ્થકરણ અહેવાલ | ૫૧ |
| ૧૭ | અહેવાલ | સિરોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૫૫ |

આંક –૫૬ થી પુરાવો બંધ કરવાની પુરશીસ આપવામાં આવેલી છે.

(૬) ત્યારબાદ આરોપી તરફે વિ.વ.શ્રી. આર.એન.ચૌધરીની તથા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી.ડી.પી.પટેલની દલીલો સાંભળી.

**(૭) પોઈન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–**

ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે એ.પી.પી.શ્રીની દલીલ તથા આરોપીના વકીલશ્રીની મૌખિક તેમજ લેખીત દલીલો લક્ષમાં લેતા આ કેસના આખરી નિર્ણય માટે સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૭.૧** શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, ફરીયાદીએ તા.૧૪/૫/૧૭ ના રોજ આપેલ ફરીયાદના ત્રણેક માસ ઉપર રાત્રીના દસ વાગ્યાના સુમારે રામસણ ગામની સીમમાં ભોગબનનારના પતિએ પટેલ ધનાજી નગાજીના વડલાવાળા નામથી ઓળખાતા ભાગથી રાખેલા ખેતરમાં રહેવા માટે બનાવેલ છાપરે ભોગબનનાર હાજર હતી અને તેણીના પતિ છાપરે હાજર ન હતા તે વખતે આરોપીએ તેણીના છાપરામાં આવી તેણીના પતિ છાપરે હાજર ન હોવાનું જાણી ભોગબનનારની એકલતાનો ગેરલાભ લઈ આરોપીએ ભોગબનનારને ખેંચીને નીચે પાડી દઈ તેણીનું મોઢું દબાવી તેણીની સંમતિ કે મરજી વિના તેણીની સાથે બળાત્કાર સંભોગ કરી આરોપીએ ઈ.પી.કો.ક.૩૭૬ મુજબનો સજાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૭.૨** શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપીએ ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે આ કામના ઉપરોકત બનાવની વાત કોઈને કરશે તો બદનામ કરી નાખવાની તેમજ ઉપરોકત બનાવના બીજા દિવસે ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આરોપીએ ઈ.પી.કો.ક.૫૦૬(૨) મુજબનો સજાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૭.૩** શું આખરી હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.

મુદ્દા નં.૭.૧ :– નકારમાં.

મુદ્દા નં.૭.૨ :– નકારમાં.

મુદ્દા નં.૭.૩ :– આખરી હુકમ.

**//કારણો//**

**સી.આર.પી.સી ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–**

૯. ભારતીય ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રીમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરીયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શક થી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે.

**૯.૧** વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને **"strictly construed"** કરવાનું રહે છે. એટલે અદાલતે કાયદાનાં શબ્દો **(Litera legis)** કરતાં આગળ વધવું જોઈએ નહીં.

**૯.૨.** જયાંસુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાંસુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે :– કલમ–૬:– આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી:–** આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૯.૩.** એટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં

જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરુધ્ધ–ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬(૨) એસસીસી–પાન નં .૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નકકી કરવાનું હોય છે. **Beyond reasonable doubt એટલે શું ?**

૯.૪. ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબીશકથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબીશકથી પર ગુનેગાર છે. **Reasonable doubt અંગે વિદવાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–**
"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગ કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**૯.૫. આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે:–** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond

reasonable doubt, but nothing short of that will suffice". વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરુધ્ધ– ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી.એલ.એચ.પાન–૫૩૭ ઉપરનાં ચુકાદામાં માં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,....**1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ.** State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents *[@page537]* Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ..."

**૯.૬**.આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ.

**૯.૭** ફરિયાદપક્ષ કોઈપણ હકીકત જો પુરાવો મૌખિક સ્વરૂપનો હોય તો ભારતીય પુરાવાધારાની કલમ–૬૦ માં જણાવેલ પુરાવાથી એટલે કે સીધા પુરાવાથી સાબિત કરવાની હોય છે અથવા તો આવા સીધાપુરાવાના અપવાદો જે ભા.પુ.ધા.ની જોગવાઈઓમાં આપેલા છે તેના થકી પુરવાર કરવાની હોય છે.

(૯.૮) સીધો પુરાવાની વ્યાખ્યા ભા.પુ.ધા.ની કલમ– ૬૦માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

"60. Oral Evidence must be direct :

Oral Evidence must, in all cases whatever, be direct; that is to sayIt it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refres to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be percevied by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

**Provided** that the opinions of experts expressed in any treatise commonly offered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;

**Provided** also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks fit,require the production of such material thing for its inspection."

આમ, કલમ– ૬૦મા લક્ષમા લેતા એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઈન્દ્રીય પૈકી કોઈ એક ઈન્દ્રીય થી કે એક કરતા વધારે ઈન્દ્રીય થી કોઈ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે.આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવને પણ ભા.પુ.ધા.ની કલમ ૬૦ મા જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

**(૯.૯)** જો સીધો પુરાવો ન હોય તો ફરીયાદપક્ષે તેની હકીકત ભા.પુ.ધા.માં સીધા પુરાવાના અપવાદો આપેલા છે તેનાથી સાબિત કરવાની હોય છે. આ અપવાદોમાં રેશગેસ્ટેના સિધ્ધાંતોમાં આવતા પુરાવા એટલે કે કલમ–૬ થી ૯ અને ૧૪ મા આવતા પુરાવાનો સમાવેશ થાય છે.

**(૯.૧૦)** તેમજ ભા.પુ.ધા.ની કલમ– ૩૨ માં આવતા પુરાવાનો કે ભા.પુ.ધા.ની કલમ– ૧૭ થી ૩૦ મા પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી

સાબિત કરવાની હોય છે.

**(૯.૧૧)** અથવા તો સાંયોગીક પુરાવાની કડી મેળવીને સાબિત કરવાની હોય છે જો કે સાંયોગીક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરૂરીયાત રહે છે.

**(૧૦)તપાસ એજન્સી મુજબ સાહેદોનો પ્રકાર**

**(૧૦.૧) સાહેદોના પુરાવાનો પ્રકાર**

**(૧૦.૧.૧)** આ કામમાં ભોગબનનાર પોતે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ પડતા સાહેદ છે.

**(૧૦.૧.૨)** ભોગબનનારના પતિ, ભોગબનનારના સાસુ, ભોગબનનારના બંને દિયરો કે જેઓને બનાવની વાત ભોગબનનારે કરેલ તે જોતાં ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતા સાહેદ છે.

**(૧૦.૧.૩)** તબીબ સી.પી.ખત્રી કે જેઓએ ભોગબનનારની હિસ્ટ્રી નોંધેલ છે તે પણ આટલા પુરતા બનાવને લગતી બાબત બાબતે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતા સાહેદ છે.

**(૧૦.૧.૪)** ડો.પરવીનબાનું કે જેઓએ ભોગબનનારના અને અન્ય નમુના ઉપરથી રુધિર અને વિર્યની હાજરી છે કે કેમ તે અંગે તપાસ કરેલી જેથી તે ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ માં પડતા નિષ્ણાંત છે.

**(૧૦.૧.૫)** મહંમદ કાસીમ શેખ તેઓએ આ પરીક્ષણ અર્થે મોકલેલ નમુનાઓમાં રુધીરનું મુળ જુથ શું છે તેનું પરીક્ષણ કરેલ છે એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ માં પડતા સાહેદ છે.

**(૧૧) <u>ગુનાવાળી જગ્યાના પંચનામા અંગે</u>**

**(૧૧.૧)** આ કામમાં ગુનાવાળી જગ્યાના પંચનામાના પચ ઉમંગભાઈ રુપાજીને આં ક–૧૭ થી તપાસેલ છે અને તેઓએ આ પંચનામું કપુરજીનું ઘર જે કાચી ઈંટોનું હતું અને તેની ઉપર પતરા ઢાંકેલા હતા તેનું પંચનામું કરેલ તેવી હકીકત સરતપાસમાં જણાવેલ છે જયારે ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી કરી છે તેવી હકીકત જણાવે છે.

**(૧૧.૨)** ભોગબનનાર કે જેઓના ઘરે આ બનાવ બનેલ છે તેઓએ તેમના આંક-૧૨ ના પુરાવામાં ભોગબનનારના પતિ તથા ભોગબનનારના પતિના ભાઈઓ તથા ભોગબનનારના સાસુએ જે અનુક્રમે આંક-૨૭,૨૮,૨૯ અને ૨૬ થી પુરાવો આપેલ છે તેમાં આ બનાવ આ ગુનાવાળી જગ્યાના પંચનામાના સ્થળે બનેલ છે તેવી હકીકત જણાવેલ છે અને તે હકીકતનું કોઈ ખંડન આરોપી તરફે થઈ શકે નથી તે સંજોગોમાં ગુનાવાળી જગ્યા જે આંક-૧૮ ના પંચનામામાં જણાવેલ છે તે રામસણ ગામે આવેલ છે તે હકીકત વાજબી શકથી પર ફરીયાદપક્ષે સાબીત કરેલ છે.

(૧૨) <u>ભોગબનનારના કપડા કબજે કર્યા અંગે</u>

**(૧૨.૧)** ભોગબનનારના કપડાનું પંચનામું શંભુજી ઉઘાજી તથા અમરભાઈ પોપટજીની હાજરીમાં કરેલ છે જેમાં શંભુજીએ સરતપાસમાં તેમની હાજરીમાં ઘાઘરો અને પોલકુ રજુ કરેલ તેવી હકીકત જણાવેલ છે પરંતુ ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી કરાવેલ તેવી હકીકત જણાવેલ છે.

**(૧૨.૨)** ભોગબનનારે આંક-૧૨ ના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે '' પોલીસ વાળાએ મારો ઘાઘરો,બ્લાઉઝ કબજે કરેલા.'' અને આ બંને કપડા ભોગબનનારે સરતપાસમાં ઓળખી બતાવેલ છે.

**(૧૨.૩)** પરંતુ આ બાબતે ઉલટ તપાસમા એક પણ સવાલ આરોપી તરફે પુછવામાં આવેલ નથી કે આ કપડા ભોગબનનારના નથી અને જયારે જે વ્યકિતના કપડા છે તે વ્યકિતએજ અદાલત રુબરુ આ કપડા ઓળખી બતાવેલ છે તે સંજોગોમાં આ કપડા ભોગબનનારના જ છે તે હકીકત વાજબી શકથી પર સાબિત થાય છે.

(૧૩) <u>ઈ.પી.કો.ક. ૩૭૫ અંગે</u>

(૧૩.૧) આ કામમા ઈ.પી.કો.ક. ૩૭૫ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**"375, A man is said to commit "rape" if he-**

**(a) "Penetrates his penis, to any extent, in to the vagina mouth urethra or anus of a woman or makes her to do so with him or any other peron;**

**or**

**(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makers her to do so with him or any other person; or**

**(c) manipulates any part of the body of a woman so as to cause pentration into the vagina, urethra,, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or**

**(d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person.**

**under the circumstances falling under any of the following seven descriptions;-**

**First;- against her will**

**Secondly- without her consent**

**Thirdly- with her consent when her consent has been obtained by putting her or any person in whom she is interested in fear of death or of hert.**

**Fourthly- with her consent when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married.**

**Fifthly- with her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or**

**unwholesome substance, she is unable to understand the nature and cconsequences of that to which she gives consent.**

**Sixtyly-** **with or without her consent, when she is under eighteen years of age.**

**Seventhly-** **Whe she is unable to communicate consent."**

**(૧૩.૨)** આમ ઉપરોકત કલમ મુજબ જયારે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષથી નીચે નથી ત્યારે અને ભોગબનનાર શારિરિક અને માનસીક રીતે અપંગ નથી તેથી ભોગબનનારની સંમતિ વિના આવુ કૃત્ય થયેલ છે તેવી હકીકત સાબીત કરવાની રહે છે.

(૧૪)**<u>એ.પી.પી.શ્રીની દલીલો</u>**

**(૧૪.૧)** એ.પી.પી.શ્રી એન.એસ. વકીલે દલીલ કરેલ છે કે ભોગબનનારે સોગંદ ઉપરના પુરાવામાં આ આરોપીએ બળાત્કાર કરેલ છે તે હકીકત સ્પષ્ટરીતે જણાવેલ છે અને આરોપી તરફે ઉલટ તપાસમાં તેનું કોઈ ખંડન થયું નથી.ઉલ્ટાનું ભોગબનનારની મરજીથી કૃત્ય થયેલ છે તે પ્રકારનો બચાવ આરોપી તરફે મુકવામાં આવેલ છે અને તે સંજોગોમાં આ કૃત્યમાં ભોગબનનારની સંમતિ ન હતી તે હકીકત વાજબી શકથી પર ભોગબનનારના પુરાવાથી સાબીત થાય છે.

**(૧૪.૨)** વધુમાં દલીલ કરેલ છે કે ઉપરોકત બાબતે ભોગબનનારના પતિએ આંક–૨૩ થી, ભોગબનનારના સાસુએ આંક–૨૬ થી, ભોગબનનારના પતિના બંને ભાઈઓએ અનુક્ર મે આંક–૨૮ અને ૨૯ થી આ હકીકતને સમર્થન આપેલ છે તેમજ જે તબીબે ભોગબનનારને તપાસેલા છે તે તબીબ રુબરુ પણ મેડીકલ હિસ્ટ્રીમાં ભોગબનનારે આરોપીએ તેમની ઉપર બળાત્કાર કરેલ તેવી હકીકત જણાવેલ છે અને આ તબીબ એસ.એ. આનંદના પુરાવાથી આરોપીના નમુના લેવામાં આવેલ છે તે હકીકત સાબીત થાય છે અને તબીબ ચંન્દ્રકાંત ખત્રીના પુરાવાથી ભોગબનનારના

નમુના લેવામાં આવેલ છે તે હકીકત પણ સાબીત થાય છે અને એફ.એસ.એલના સાહેદો ડો. પરવીનબાનુ અને ડો મહંમદ કાસીમ જેઓએ અનુક્રમે આંક-૪૮ અને ૫૪ થી પુરાવો આપેલ છે તેમાં પણ આરોપીનું વીર્ય ભોગબનનારના વજાઈનલ સ્વોબ અને યુરેથ્રલ સ્વોબમાં મળી આવેલ છે તે હકીકત સાબીત થાય છે અને તે સંજોગોમાં ભોગબનનાર ઉપર આરોપીએ બળાત્કાર કરેલ છે તે હકીકત વાજબી શકથી પર સાબીત કરેલ છે.

**(૧૪.૩)** વધુમાં દલીલ કરેલ છે કે તપાસના પેપર્સ જોતા કોઈપણ જાતના પુર્વગ્રહ વિના તપાસ થયેલ છે તે હકીકત પણ સાબીત થાય છે.

(૧૫) **<u>આરોપી તરફે દલીલો</u>**

**(૧૫.૧)** આરોપી તરફે વકીલશ્રીએ દલીલ કરેલ છેકે આ કામમાં ફરીયાદ ત્રણ મહીના પછી આપવામાં આવેલ છે એન ત્રણ મહીના પછી ફરીયાદ કેમ આપવામાં આવી છે તેનો કોઈ ખુલાસો ફરીયાદમાં કરેલ નથી અને તે સંજોગોમાં આરોપીને સંડોવવા માટે ખોટી ફરીયાદ ઉભી કરેલ છે તે હકીકત સાબિત થાય છે.

**(૧૫.૨)** વધુમાં દલીલ કરેલ છે કે ફરીયાદ મોડી આપવા માટે જે હકીકત ઉલટ તપાસમાં ભોગબનનારે જણાવી છે તેને કોઈ રીતે સમર્થન ફરીયાદ લેનાર પોલીસ અધિકારીથી મળતું નથી તેમજ ભોગબનનારના પતિ અને ભોગબનનારના પતિના ભાઈઓથી સમર્થન મળતુ નથી.

**(૧૫.૩)** વધુમાં દલીલ કરેલ છે કે ભોગબનનારના જણાવ્યા મુજબ તેઓએ તરતજ બનાવ બાદ તેમના પતિને વાત કરેલી જયારે ફરીયાદમાં ઘણા સમય પછી વાત કરેલી તેવી હકીકત આવે છે. તે રીતે મોટો કોન્ટ્રાડીકશન આવે છે.

**(૧૫.૪)** વધુમાં દલીલ કરેલ છેકે ભોગબનનારના સાસુ અને દિયરોનો પુરાવો જોતાં ખરેખર બનાવની વાત આ લોકોને કયારે કરવામાં આવેલી તે બાબતે પણ વિરોધાભાસ આવે છે.

**(૧૫.૫)** વધુમાં દલીલ કરેલ છે કે ત્રણ મહીના સુધી ગુપ્ત ભાગમાં વિર્ય સચવાય ન રહે તે સંજોગોમાં જે એફ.એસ.એલના પુરાવામાં જે આરોપીનું મુળ અને જુથનું જે વીર્ય આવેલ છે તે આરોપીનું નથી તે હકીકત વાજબી શકથી પર સાબીત થયેલ છે.

(૧૬)**<u>ઉપરોકત બાબત અંગે પુરાવાનુ મુલ્યાંકનઃ-</u>**

**(૧૬.૧)** આ કામમાં ભોગબનનારે આંક–૧૨ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને તેમાં એવી હકીકત જણાવી છે કે, '' બનાવ આજથી દોઢ વર્ષ પહેલા મારા ઘરે રાતના દસ વાગ્યે બનેલો. તે વખતે હું મારા ઘરે હતી ત્રણેય છોકરા સુઈ ગયેલ હતા અને મારા પતિ ખેતરમાં ગયેલ હતા તે વખતે આ આરોપી રામજી ત્યાં આવેલો અને મને પુછેલુ કે તમારો આદમી કયાં ગયો છે? તો મે કીધેલુ કે ખેતરે ગયા છે. જેથી મને પકડી આ અમારા છાપરામાં લઈ ગયેલો અને મારુ મોઢુ દાબી મારી સાથે ન કરવાનુ બદકામ કરેલુ અને મને આ રામજીએ એવી ધમકી આપેલી કે તે મને આખા ગામમાં બદનામ કરી દેશે. અને મને મારા છોકરાઓને મારી નાંખવાની ધમકી આપેલી.''

**(૧૬.૨)** આમ સરતપાસમાં આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર કરેલો એવી હકીકત જણાવે છે.

**<u>ઉલટતપાસની વિગત:–</u>**

**(૧૬.૩)** આ અંગે ભોગબનનારની ઉલટતપાસ જોવામાં આવે તો ઉલટતપાસમાં ભોગબનનારના ખેતર છોડી આરોપીનું ખેતર આવેલુ છે તેવી હકીકત આવે છે અને તેની બાજુમાં ભોગબનનારના જેઠ વિગેરેના ખેતરો પણ આવે છે અને ભોગબનનારના ઘરે જોરથી અવાજ થાય તો આજુબાજુ રહેનાર મકાનવાળાઓને તે સંભળાય તેવી હકીકત આવેલી છે.

**(૧૬.૪)** વધુમાં ઉલટતપાસમાં એવી હકીકત આવે છે કે, બનાવ વખતે ત્રણ બાળકો અને ભોગબનનાર છાપરામાંજ ઉંઘેલા હતા અને આરોપી આવેલ ત્યારે ભોગબનનાર અડધી ઉંઘમાં હતા અને આરોપીએ બુમ પાડી ભોગબનનારને જગાડેલા અને આરોપીના ઘરેથી ભોગબનનારનું ઘર દેખાય તેવી હકીકત આવે છે અને ભોગબનનારે એવી હકીકત જણાવી છે કે, ભોગબનનાર અને આરોપી વચ્ચે સારા સંબધ હતા પરંતુ ખરાબ સંબધ ન હતા.

**(૧૬.૫)** આરોપી તરફે જે પ્રશ્ન મુકવામાં આવેલ છે તેમાં ભોગબનનારે એવુ જણાવ્યુ છે કે,'' એ વાત ખરી નથી કે, આ બનાવ પહેલા મારે અને આરોપી વચ્ચે એકબીજાની સમંતીથી બેથી ત્રણ વાર આ રીતના શારીરીક સબંધ બંધાયેલા.''

**(૧૬.૬)** વધુમાં એ હકીકત આવે છે કે, '' સવાલ:– જયારે તમારા કહેવા મુજબ આરોપી ખેં ચી તમને નીચે પાડી દીધેલા ત્યારે તમે કોઈ બુમાબુમ કરેલી?

જવાબ:– ના. કારણ કે આરોપીએ મારુ મોઢુ દાબી દીધેલ હતું.

સવાલ:– તમોએ આ કૃત્યમાં કોઈ પ્રતિકાર કરેલો નહી?

જવાબ:– સાચી વાત છે કારણ કે મારુ મોઢુ દાબેલ હતું.''

**(૧૬.૭)** વધુમાં ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, '' એ વાત ખરી છે કે, તે વખતે બનાવસ્થળે લીંપણવાળુ ખરબચડુ તળીયુ હતુ. એ વાત ખરી છે કે, આવા લીં પણવાળા ખરબચડી સપાટી ઉપર બળાત્કાર થાય તો સ્ત્રીની પીઠ ઘસાય. એ વાત ખરી છે કે, મને પીઠ પાછળ કોઈ ઈજાઓ થયેલ નહી. એ વાત ખરી છે કે, મારા ગુપ્તાંગ ઉપર બહાર કે અંદરની બાજુએ આ કૃત્યથી કોઈ ઈજાઓ થયેલ નહી.''

**(૧૬.૮)** વધુમાં ઉલટતપાસમાં એવી હકીકત જણાવી છે કે, '' એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં રૂપીયા હજાર અને ધર્માદુ કરવાની જે મે સરતપાસ જણાવી તે હકીકત લખાવેલી નહી. એ વાત ખરી છે કે, મારા છોકરાને મારી નાખવા બાબતે મે કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલી નહી. એ વાત ખરી છે કે, આગથળા પોલીસે ફરીયાદ લીધેલી નહી તેવી કોઈ હકીકત મારી ફરીયાદમાં લખાવી નથી. એ વાત ખરી નથી કે, મારી ફરીયાદ ખોટી હતી તેથી પોલીસે લીધી ન હતી. એ વાત ખરી નથી કે, પાલનપુર જઈ ફરીયાદ આપ્યાની હકીકત જે મે સરતપાસમાં જણાવેલી છે તે હકીકત મે ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી નથી કે, મારે ફરીયાદ કરવી ન હતી પરંતુ મારા કુટુંબી દશરથજી, ઈંદુજી અને મારા પતિની ચડામણીથી આરોપી સામે ખોટી ફરીયાદ કરી છે. એ વાત ખરી નથી કે, પોલીસે મને કોઈ ફરીયાદ વાંચી સંભળાવેલી નહી અને પોલીસે જાતે ફરીયાદ લખી લઈ મારો અં ગુઠો લઈ લીધેલો. એ વાત ખરી નથી કે, ફરીયાદ મારા પતીએ લખાવેલી અને મે ફકત અંગુઠો લગાવેલો. એ વાત ખરી નથી કે, મારો અને રામજીનો સબંધ છુપાવવા માટે મે ખોટી ફરીયાદ કરી છે. એ વાત ખરી નથી કે, મે ડોકટરને કે જજ સાહેબને મારી સાથે શું બનેલુ તેવી કોઈ હકીકત લખાવેલી નહી.''

**(૧૭) આમ સમગ્ર ઉલટતપાસ જોવામાં આવે તો નીચેની હકીકત બહાર આવે છે.**

**(૧૭.૧)** બનાવ વખતે ત્રણ સંતાનો સાથે ભોગબનનાર છાપરામાં સુતા હતા અને છાપરામાં આરોપી ભોગબનનારને લઈ ગયેલા.

**(૧૭.૨)**ભોગબનનારનું મોઢુ દાબેલુ તેથી ભોગબનનારે કોઈ બુમાબુમ કરેલ નહી.

**(૧૭.૩)** ભોગબનનારનુ મોઢુ દાબેલુ તેથી કોઈ પ્રતિકાર ભોગબનનારે કરેલ નથી.

**(૧૭.૪)** છાપરામાં લીંપણવાળુ ખરબચડુ તળીયુ હતુ છતાં ભોગબનનારની પીઠમાં કોઈ ઈજા થયેલ નથી.

**(૧૭.૫)** ફરીયાદમાં ભોગબનનારના સંતાનોને મારી નાંખવાની ધમકી આપ્યાની હકીકત ભોગબનનારે લખાવી નથી.

**(૧૭.૬)** બનાવ બન્યા બાદ તરતજ ભોગબનનારે તેમના પતિને આ હકીકત કીધી નથી પરંતુ એવી હકીકત સરતપાસમાં જણાવી છે કે, '' જેથી આ રામજી પાછો મારા ઘરે આવી ધમકી આપી જતો રહેલો જેથી મે મારા આદમીને મારી સાથે જે બનાવ બનેલો તેની જાણ કરેલી.'' પરંતુ આ જાણ કયારે કરેલી તે હકીકત સરતપાસમાં જણાવતા નથી.

**(૧૭.૭)** ફરીયાદમાં ધર્માદુ અને રુપીયા આરોપી આપશે તે હકીકત જણાવી નથી. તેમજ ફરીયાદ કરવા આગથળા પોલીસ સ્ટેશનમાં ગયેલા પરંતુ પોલીસે લીધેલી નહી તે હકીકત જણાવી નહી.

**(૧૭.૮)** આરોપી અને ભોગબનનાર વચ્ચે આ સબંધ હતા તેવો બચાવ આરોપી તરફે મુકવામાં આવેલ છે પરંતુ તેનો ઈન્કાર કરવામાં આવે છે.

**(૧૭.૯)** બનાવની હકીકત આરોપીએ તેમના ભાઈઓ વિગેરેને કરેલી તેવી હકીકત સરતપાસમાં આવે છે.

(૧૮)**<u>આ કામમાં ભોગબનનારના પતિના પુરાવા અંગે:–</u>**

**(૧૮.૧)** ભોગબનનારના પતિ બનાવ અંગે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સીધા પુરાવાના સાહેદ નથી પરંતુ બનાવની હકીકત ભોગબનનારે આ સાહેદને કરેલી છે તેથી આ સાહેદ કથોપથીત પુરાવાના અપવાદમાં પડતા સાહેદ છે અને તેમનો પુરાવો ભારતીય પુરાવા ધારામાં કલમ–૬ માં રેસગેસ્ટનો સિધ્ધાંત વણી લેવામાં આવેલ છે તેના સાહેદ છે.

**(૧૮.૨)** આ સાહેદે સરતપાસમાં આંક–૨૪ થી જણાવેલ છે કે, બનાવ વખતે તેમના ઘરે ભોગબનનાર અને બાળકો એકલા હતા અને ખેતરમાં પાણત કરવા આ સાહેદ ખેતરમાં

ગયેલ હતા અને બનાવના ત્રણ ચાર દિવસ પછી બનાવની વાત તેમની પત્નીએ કરેલી અને કીધેલુ કે આરોપીએ તેમના ઉપર બળાત્કાર કરેલ છે અને ત્યારબાદ આ હકીકત આ સાહેદે તેમના ભાઈ વિગેરેને કરેલી અને ત્યારબાદ ફરીયાદ કરેલી.

**(૧૮.૩)** ઉલટતપાસમાં આરોપી અને ભોગબનનાર વચ્ચે આવા શારીરીક સબંધ હતા તેવો બચાવ મુકેલો છે અને તેનો ઈન્કાર આ સાહેદે કરેલો છે. અને એવી હકીકત ઉલટતપાસમાં સ્વીકારેલી છે કે, તેમની પત્નીને કોઈ ઈજા થઈ હોય કે કપડા ફાટયા હોય તેવુ આ સાહેદે જોયુ નથી અને વધુમાં ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલી છે કે, '' આરોપી વાડ વચ્ચે જે સેડુ હતુ ત્યાંથી કોઈકવાર આવતો મે જોયેલો અને આ રીતના રાત્રીના અને દિવસે પણ આવતો હતો. એ વાત ખરી નથી કે, હું ધનાજીના ખેતરે જતો એટલે રામજી મારી પત્ની પાસે આવતો જતો હતો. સાહેદ સ્વેરછાએ જણાવે છે કે, હું એ ના કહી શકુ કે રામજી આ રીતના આવતો જતો હતો. એ વાત ખરી નથી કે, રામજી અને મારી પત્નીને સબં ધ હતા પરંતુ હું જોઈ જતા મારી પત્ની ઉપર દબાણ કરી ખોટી ફરીયાદ આપેલી છે. ફરીયાદ મેં અને દશરથજીએ લખાવેલી. હવે કહુ છુ કે મે,મારી પત્ની અને મારા ભાઈ દશરથજી વિગેરે ભેગા થઈને લખાવેલી.''

**(૧૯) આમ આ સાહેદની ઉલટતપાસ અને સરતપાસમાં નીચેની વિગત આવે છે.**

**(૧૯.૧)** બનાવ બન્યાના ત્રણ ચાર દિવસ પછી ભોગબનનારે તેમના પતિને એટલ ે કે આ સાહેદને આ વાત કરેલી.

**(૧૯.૨)** બનાવ વખતે ભોગબનનાર અને બાળકો એકલા હતા.

**(૧૯.૩)** બનાવમાં ભોગબનનારને કોઈ ઈજા થયેલ નથી.

**(૧૯.૪)** આરોપી રાત્રી અને દિવસે આ સાહેદના ઘરે આવતા જતા હતા.

**(૧૯.૫)** આ સાહેદ ખેતરે જતા ત્યારે આરોપી આ સાહેદના ઘરે આવતા હતા કે કેમ તે આ સાહેદ ના કહી શકે.

**(૧૯.૬)** ફરીયાદ આ સાહેદે , તેમના ભાઈ દશરથભાઈએ અને ભોગબનનારે ભેગા થઈને લખાવેલી.

(૨૦) <u>ભોગબનનારના સાસુનો પુરાવો:-</u>

**(૨૦.૧)** ભોગબનનારના સાસુએ આંક–૨૬ ના પુરાવામાં જણાવ્યુ છે કે, બનાવની હકીકત બનાવના ત્રણ મહીના બાદ ભોગબનનારે આ સાહેદને કીધેલી. અને સરપંચે હજાર રુપીયા અને ધર્માદુ કરવા જણાવેલુ અને ત્યારબાદ આ ફરીયાદ થયેલી છે.

**(૨૦.૨)** ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલી છે કે, '' એ વાત ખરી છે કે, આરોપીએ મારી વહુ સાથે ત્રણથી ચાર વખત શરીર સબંધ બાંધેલો. એ વાત ખરી નથી કે, અમને ભોગબનનાર અને આરોપીના સબંધની ખબર પડતા અમોએ ભોગબનનારને દબાણ કરતા ભોગબનનનારે બળાત્કારની વાત કરેલી. મને એ વાતની ખબર નથી કે, મારો પુત્ર ધનાજીના ત્યાં ખેતરે જતો હતો ત્યારે રામજી મારી વહુ રમીલાને મળવા આવતો જતો હતો.''

**(૨૧) આમ ઉપરોકત સાહેદના પુરાવામાં નીચેની હકીકત આવે છે.**

**(૨૧.૧)** બનાવના ત્રણ મહીના બાદ ભોગબનનારે આ વાત તેમના સાસુને જણાવેલી.

**(૨૧.૨)** આરોપીએ આ રીતના ત્રણથી ચાર વાર આવો સબંધ ભોગબનનાર સાથે બાંધેલો.

**(૨૨)<u>ભોગબનનારના જેઠના પુરાવા અંગે:–</u>**

**(૨૨.૧)** ભોગબનનારના જેઠે આંક–૨૮ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને તેમાં એવી હકીકત સરતપાસમાં જણાવી છે કે, બનાવની હકીકત ભોગબનનારના પતિએ કીધેલી અને બનાવની હકીકત જયારે ભોગબનનારે કીધી નથી પરંતુ ભોગબનનારે તેમના પતિને કીધેલી અને આ પતિએ આ સાહેદને કીધેલી તેથી આ પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬ કે ૭ થી ૯ કે ૧૪ માં પડતો નથી તેથી આ પુરાવો બનાવ બાબતે સ્પષ્ટપણે કથોપથીત પુરાવો બને છે.

**(૨૨.૨)** વધુમાં આ સાહેદે જણાવ્યુ છે કે, ગામવાળાઓએ સમાધાનની વાત કરેલી તેથી ફરીયાદ બે ત્રણ મહીના પછી આપેલી અને આ સાહેદ ફરીયાદ આપવા ગયેલા.

**(૨૨.૩)** ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકત જણાવી છે કે, '' એ વાત ખરી નથી કે, ભોગબનનાર અને આરોપી વચ્ચે પહેલાથી જ આડા સબંધો હતા. એ વાતની મારા ભાઈને ખબર પડેલી જેથી મારા ભાઈએ ખોટી ફરીયાદ દાખલ કરવાનુ નકકી કરેલુ.''

**(૨૩) આમ આ સાહેદના પુરાવામાં નીચેની હકીકત બહાર આવે છે.**

**(૨૩.૧)** આ સાહેદનો પુરાવો બનાવ બાબતે સ્પષ્ટપણે કથોપથીત પુરાવો છે.

**(૨૩.૨)** ફરીયાદ એટલા માટે લેટ આપવામાં આવી છે કે, ગામવાળા સમાધાનની વાત કરતા હતા.

**(૨૩.૩)** આરોપી અને ભોગબનનાર વચ્ચે આવા સબંધ હતા તે હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૨૪) **<u>ભોગબનનારના પતિના બીજા ભાઈના પુરાવા અંગે:-</u>**

**(૨૪.૧)** આ સાહેદના આંક-૨૯ ના પુરાવા મુજબ બનાવના મહીના કે પંદર દિવસ પછી બનાવ અંગે ભોગબનનારે વાત કરેલી. ફરીયાદ પોલીસવાળા લેતા ન હતા તેથી બે ત્રણ મહીના પછી ફરીયાદ કરેલી. વધુમાં આ સાહેદના પુરાવા મુજબ એક હજાર રુપીયા આરોપી આપવા અને સમાધાન માટે ગામવાળાઓએ અને સરપંચે દબાણ કરેલું.

**(૨૪.૨)** ઉલટતપાસમાં એ હકીકત આવે છે કે, '' એ વાત ખરી છે કે, બનાવની વાત મને મારી ભાભીએ કીધેલ તેવી હકીકત મે મારા પોલીસ જવાબમાં લખાવેલી નથી.'' વધુમાં ઉલટતપાસમાં એવી હકીકત આ સાહેદે જણાવી છે કે, '' એ વાત ખરી છે કે, મે પોલીસ જવાબમાં એવુ પણ લખાવેલ નથી કે, મારી ભાભીએ મને એવુ જણાવેલુ કે , ભોગબનનારને ગળાથી પકડી નીચે પાડી દઈ બળાત્કાર કર્યાની હકીકત મે પોલીસ જવાબમાં લખાવેલી નથી અને એવુ પણ લખાવેલ નથી કે, રામજીજીએ મારી સાથે બળાત્કાર કરેલો. એ વાત ખરી છે કે, મારા પોલીસ રુબરુના જવાબમાં સરપંચ અને ગામવાળાઓએ રુપીયા એક હજાર આરોપી પાસેથી અપાવવાની અને પાંચ કીલો બાજરી ધર્માદા આરોપી પાસે કરાવવાની હકીકત અને અમારી સાથે સમાધાન કરવા માટે દબાણ કર્યાની હકીકત મે પોલીસ રુબરુના જવાબમાં લખાવેલ નથી.''

**(૨૫) આમ આ સાહેદના પુરાવામાં નીચે મુજબની હકીકત બહાર આવે છે.**

**(૨૫.૧)** બનાવના મહીના કે પંદર દિવસ પછી ભોગબનનાર અને તેના પતિએ બનાવની કીધેલી.

**(૨૫.૨)** ઉલટતપાસમાં એ હકીકત આ સાહેદ સ્વીકારે છે કે, તેમના પોલીસ જવાબમાં ભોગબનનારે બનાવની હકીકત કીધેલી તે આ સાહેદે જણાવી નથી જેથી મહત્વનુ કોન્ટ્રાડીકશન તે બાબતે પુરવાર થાય છે.

**(૨૫.૩)** વધુમાં પોલીસ જવાબમાં સમાધાન કરવા માટે આરોપીએ રુપીયા આપવા

અને ધર્માદુ કરવુ તે હકીકત પોલીસ જવાબમાં લખાવેલ નથી તેવી હકીકત આ સાહેદે સ્વીકારેલી છે જેથી તે પણ મહત્વનુ કોન્ટ્રાડીકશન પુરવાર થાય છે.

(૨૪) <u>તબીબ રુબરુ આપેલ બનાવની હીસ્ટ્રી અંગે:–</u>

**(૨૪.૧)** ભોગબનનારની તબીબી તપાસ કરનાર તબીબને આંક–૩૧ ના પુરાવામાં એવી હકીકત જણાવી છે કે, '' ભોગબનનારને મારી પાસે લાવેલા તેના ત્રણ મહીના અગાઉ રામજીજી ભરતજી ઠાકોરે તેમના ઉપર બળાત્કાર ગુજારેલો તેવી હકીકત મને હીસ્ટ્રીમાં જણાવેલી.'' પરંતુ ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, મારા મેડીકલ સર્ટીફીકેટમાં ભોગબનનાર ઉપર બળાત્કાર થયેલ છે તેવી કોઈ હીસ્ટ્રી મે લખી નથી.''

**(૨૪.૨)** આમ ખરેખર બળાત્કાર અંગેની હીસ્ટ્રી ભોગબનનારે આપી હોય તો આ તબીબે કેમ મેડીકલ સર્ટીફીકેટમાં તે વિગત લખી નથી તે પણ એક પ્રશ્ન ઉભો કરે છે.

(૨૫) <u>તપાસ કરનાર અમલદાર હરેશભાઈ કરશનભાઈ મકવાણામાં આરોપીના બચાવ અંગે પુરાવો :–</u>

**(૨૫.૧)** આ સાહેદ કે જેઓ બીજા તપાસ કરનાર અમલદાર છે અને તેઓએ ચાર્જશીટ કરેલ છે અને તેઓએ આંક–૪૫ ના પુરાવાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલી છે કે,'' એ વાત ખરી છે કે, તપાસના પેપર્સોમાં એવી હકીકત ખુલે છે કે, પ્રથમ જે ધર્માદો અને સામાજીક દાન કરવા માટે આરોપીપક્ષને સમજાવેલા અને જો આરોપી પક્ષ સમજી ગયો હોત તો આ ફરીયાદ ના થાત. એ વાત ખરી છે કે, આરોપીપક્ષ સમજેલો નહી તેથી આ ગુનો દાખલ થયેલો.''

**(૨૬) આમ ઉપરોકત સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા નીચે મુજબની હકીકત બહાર આવે છે.**

**(૨૬.૧)** ભોગબનનારના પુરાવા મુજબ બનાવ છાપરામાં બનેલો જ્યાં ભોગબનનારના ત્રણ સંતાનો પણ ઉંઘેલા હતા અને ભોગબનનાર અડધા ઉંઘેલા હતા અને તે વખતે આરોપીએ આવી બુમ પાડી ભોગબનનારને જગાડેલા.

**(૨૬.૨)** ભોગબનનારનુ મોઢુ દાબી લઈ, નીચે પાડી દઈ આ બળાત્કાર કરેલો અને જયાં બળાત્કાર કરેલો તેનુ તળીયુ લીંપણવાળુ હતુ અને છતાં ભોગબનનારની પીઠમાં કોઈ ઈજા આવેલ નથી અને ભોગબનનારનું મોઢુ દાબેલુ હોય તો હાથથીજ દાબેલુ હોય અને કપડા પણ ભોગબનનારના હાથથીજ કાઢેલા હોય તો એક હાથે કપડા કાઢવા અને એક હાથે મોઢુ દબાવી રાખવુ અને બનાવના શરુથી બનાવના અંત સુધી આ ક્રિયા ચાલુ રાખવી અને જયારે ભોગબનનારના ત્રણ સંતાનો છાપરામાં હોય અને મોઢું દબાવવાથી, કપડા કઢાવવાની પ્રક્રિયાની શકયતા અંગે વ્યાજબી શંકા ઉભી થઈ શકે છે.

**(૨૬.૩)** ભોગબનનારે બનાવ વખતે બુમાબુમ કરેલી નહી કારણ કે ભોગબનનારનુ મોઢુ એક હાથથી બાંધેલુ હતુ અને આજ કારણે કોઈ પ્રતિકાર ભોગબનનારે કરેલો નહી.

**(૨૬.૪)** જો ખરેખર ત્રણ સંતાન સાથે છાપરામાં એક જ જગ્યાએ ભોગબનનાર ઉંઘેલા હોય અને કોઈ વ્યકિત આવી બુમ પાડે તો આ સંતાનો જાગી જાય અને કદાચ બુમ વખતે ન જાગે તો જયારે ભોગબનનારનું મોઢુ દાબીને નીચે બળજબરીથી પાડી દઈને બળાત્કાર કરવામાં આવે તો પણ આ સંતાનો જાગી જાય અને જો ધમકી આરોપીએ આપી હોય તો છાનીમાની ન આપી હોય તો તે વખતે પણ સંતાનો જાગી જાય.

**(૨૬.૫)** વધુમાં જે બળજબરીથી નીચે પાડી દઈ ખરબચડાવાળા લીંપણમાં બળાત્કાર કરવામાં આવે તો તેની ઈજા ભોગબનનારના શરીર ઉપર આવવાની શકયતા રહે છે કારણ કે તે હકીકત ભોગબનનારે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલી છે અને તેમ છતાં આવી કોઈ ઈજા ભોગબનનારને શરીર ઉપર આવેલ નથી.

**(૨૬.૬)** વધુમાં ભોગબનનારના પુરાવા મુજબ બનાવ બાદ ફરી આરોપીએ ભોગબનનારને ધમકી આપેલી ત્યારબાદ તેમના પતિને વાત કરેલી જયારે ભોગબનનારના પતિ એવી હકીકત સરતપાસમાં જણાવે છે કે, બનાવના ત્રણ ચાર દિવસ પછી ભોગબનનારે આ વાત કરેલી અને ભોગબનનારના સાસુ એવુ જણાવે છે કે, બનાવના ત્રણ મહીના બાદ તેમના સાસુને આ વાત કરેલી એટલે ખરેખર બનાવ બન્યા બાદ કેટલા સમય પછી ભોગબનનારે બનાવની હકીકત તેમના સાસુ અને તેમના પતિને કરેલી તે બાબતે મોટો વિરોધાભાસ આવે છે.

**(૨૬.૭)** વધુમાં ભોગબનનારની સરતપાસમાં એ કોન્ટ્રાડીકશન પુરવાર થાય છે કે, ફરીયાદમાં બાળકોને મારી નાંખવાની ધમકી આરોપીએ આપેલી હોય તેવી હકીકત જણાવી નથી.

**(૨૬.૮)** વધુમાં આરોપી તરફે એવો બચાવ છે કે ,આરોપી અને ભોગબનનાર વચ્ચે આ રીતના શારીરીક સબંધો હતા તો તે બાબતે ભોગબનનારનો પુરાવો જોવામાં આવે અને આં ક–૧૩ ની ફરીયાદ જોવામાં આવે તો એકજ વાર આ બળાત્કારની હકીકત આવે છે અને ભોગબનનારના પતિના પુરાવામાં પણ એક વારજ આવો બળાત્કાર થયેલ છે તેવી હકીકત આવે છે જયારે ભોગબનનારના સાસુએ આંક–૨૬ માં એવી હકીકત આવે છે કે, ભોગબનનાર સાથે આરોપીએ ત્રણથી ચાર વાર આવો સબંધ બાંધેલો અને તે સં જોગોમાં આરોપીની કબુલાત તરીકે નહી પરંતુ એક સંજોગરુપે આરોપીએ જે હીસ્ટ્રી તબીબ રુબરુ જણાવેલી છે તે તબીબે આંક–૩૭ ના પુરાવામાં પેરા–૩ માં એવી હકીકત જણાવી છે કે, ''રામજીજીને બળાત્કારના કેસમાં તબીબી તપાસ માટે લાવવામાં આવેલો અને મેડીકલ હીસ્ટ્રીમાં રામજીજીએ મને જણાવેલુ કે , રમીલાબેન કપુરજી ઠાકોર તેમના બાજુના ખેતરમાં રહે છે અને તેને રમીલાબેનની સાથે એક મહીનાથી ઓળખાણ હતી અને તે દરમ્યાન રમીલાબેન સાથે બે વાર સબંધ બાંધેલ અને તેમના પતિ કપુરજી જોઈ જતાં અને પૈસાની માંગણી કરતાં પૈસા આપેલા નહી . ''

**(૨૬.૯)** બનાવની ફરીયાદ લેટ કરવા બાબતે પોલીસે ફરીયાદ લીધેલી નહી તે હકીકત સાબીત થતી નથી પરંતુ ગામવાળાઓએ સમાધાન માટે પ્રયત્ન કરેલ તે હકીકત સાબીત થાય છે.

**(૨૬.૧૦)** મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર જે આવેલ છે તે મુજબ આરોપીના નમુનાઓ ઉપરોકત તબીબ શૈલેષકુમારે લીધેલા છે અને તેમનુ પૃથ્થકરણ રીપોર્ટ એફ.એસ.એલ. ના અધિકારીએ કરેલ છે અને એફ.એસ.એલ. ના રીપોર્ટ ડોકટર પ્રવિણબાનુના આંક–૪૮ ના પુરાવાથી આંક–૫૧ નો રીપોર્ટ સાબીત થયેલ છે અને તે મુજબ આ નિષ્ણાંતે ભોગબનનારના વજાઈનલ સ્વોબ અને યુરેથ્રેલ સ્વોબમાં વિર્યની હાજરી શોધેલ હતી અને તેજ રીતે આરોપીના સીમેનના નમુનામાં માનવવિર્ય ઓળ ખેલ હતુ અને તેના આધારે મોહમંદ કાસીબશેખે કે જેઓ પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબ નિષ્ણાંત છે તેઓના પુરાવામાં એ હકીકત સાબીત થયેલ છે કે ભોગબનનારના વજાનઈલ સ્વોબમાં અને યુરેથ્રેલ સ્વોબમાં જે વિર્ય મળેલુ તે માનવ વિર્ય એ જુથનુ મળેલુ અને તેજ

રીતે આરોપીનુ લોહી માનવનુ અને આરોપીનુ સીમેન 'એ જુથ વાળુ મળેલું.

**(૨૬.૧૧)**આમ ફરીયાદપક્ષના ફરીયાદ મુજબ બનાવ ફરીયાદ આપ્યાના ત્રણ મહીના પહેલા એટલ ે કે ૧૪/૨/૧૭ ની આજુબાજુ બનેલો અને ભોગબનનારની તબીબી તપાસ તા.૧૫/૫/૧૭ ના રોજ થયેલ છે અને તેમ છતાં ભોગબનનારના યુરેથ્રેલ સ્વોબ અને વજાઈનલ સ્વોબમાં આ એ જુથનુ વિર્ય કે જે આરોપીના વિર્યના જુથનુ એ છે તે મળી આવેલ છે અને જો ખરેખર સંભોગ ૧૪/૨/૧૭ ના રોજ થયો હોય તો ત્યાં સુધી યુરેથ્રામાં અને વજાઈનલમાં ત્રણ મહીના સુધી આવુ વિર્ય સચવાઈ રહે તે અંગે મોટી શંકા જાય છે અથવા તો બીજી હકીકત એ માંનવાની રહે કે ભોગબનનારના પતિના વિર્યનુ જુથ પણ એ જ છે અથવા તો ૧૫/૫/૧૭ ના થોડા દિવસ પહેલા આરોપીએ ફરી ભોગબનનાર સાથે આવો સબંઘ બાંધેલ છે.

**(૨૬.૧૨)** આમ જે રીતનો બનાવ છે જે રીતે આરોપીએ બુમ પાડેલ હોવા છતાં ભોગબનનારના ત્રણ સંતાનો હોવા છતાં તે જાગ્યા નથી અને ભોગબનનારને બળજબરીપુર્વક નીચે મોઢુ દાબીને પાડી દેવા છતાં આવા સંતાનો જાગ્યા નથી અને આરોપીએ ઘમકી આપી તો પણ બાળકો જાગ્યા નથી અને બળાત્કાર બળજબરીથી થયો તેમ છતાં આવા બાળકો જાગ્યા નથી અને બનાવ બાદ તરતજ તે દિવસે ભોગબનનારે આ હકીકત તેમના પતિને જણાવી નથી અને ભોગબનનારના સાસુના પુરાવા મુજબ આ રીતનો સબંઘ આરોપીએ ભોગબનનાર સાથે બેથી ત્રણ વાર બાંધેલો અને ભોગબનનારના પતિના પુરાવા મુજબ બઘાએ ભેગા થઈ ફરીયાદ લખાવેલી તે તથા ફરીયાદ ૩ મહિના લેટ છે તે જોતા અને તેની સાથે આરોપીએ આ સબંઘ રાખવા બાબતેની મેડીકલ હીસ્ટ્રી કે જે કબુલાત બનતી નથી તે જોતા ભોગબનનાર અને આરોપી વચ્ચે આવો સબંઘ હોય તેવી શકયતા રેકર્ડ ઉપર આરોપીએ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ઘોરણે સાબીત કરેલ છે અને કાયદાનો એક સ્થાપિત સિઘ્ઘાંત છે કે , જયારે અદાલત સમક્ષ બે વ્યુ આવતા હોય અને તેમાં જે વ્યુ આરોપીને મદદ કરતા હોય તે વ્યુ માંનવાનો રહે છે કારણ કે ભારતીય બંઘારણ મુજબ આરોપીની નિર્દાષતા માંનવાની રહે છે કે જયાં સુઘી આરોપી ગુનેગાર સાબીત ન થાય અને આમ તમામ હકીકત જોતા ભોગબનનારની સમંતીથી આ કૃત્ય થયેલ છે અને ભોગબનનાર બનાવ વખતે ૧૮ વર્ષથી નીચે ન હતા તે હકીકત ફરીયાદપક્ષે એડમીટેડ બાબત છે અને ભોગબનનાર શારીરીક અને માનસીક કોઈ અપંગતા ઘરાવતા હોય તેવી હકીકત પણ રેકર્ડ ઉપર નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામે ઈ.પી.કો.ની કલમ-૩૭૫ ના તત્વો સાબીત કરી શકેલ નથી અને તે સં જોગોમાં ભોગબનનારને કોઈ ઘમકી આપી હોય તે હકીકત પણ સાબીત થતી નથી અને વઘુમાં

જે રીતે આરોપી પાસેથી નાંણા માંગ્યા બાબતે સમાધાનની વાત આવે છે અને જે રીતે ડીલે બાબતે કારણો જણાવ્યા છે તે કારણો રેકર્ડ ઉપરના સંજોગો જોતા ફરીયાદપક્ષના સંતોષકારક નથી તે સંજોગોમાં મુદ્દા નંબર. ૭.૧ અને ૭.૨ નો જવાબ નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**:: <u>હુ ક મ</u> ::**

(૧) આ કામના આરોપી રામજીજી ભરતજી ઠાકોર ,ઉ.વ.આ. ૨૫, ધંધો- ખેતી, રહે. રામસણ તા.ડીસા , જી.બનાસકાંઠા.સી.આર.પી.સી.ની કલમ-૨૩૫(૧) હેઠળ આગથળા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૪/ ૨૦૧૭ ના કામે ઈ.પી.કો. કલમ-૩૭૬, ૫૦૬(૨) મુજબના ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી મુકત કરવામાં આવે છે.

(૨) બીન કિમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સી.આર.પી.સી. ની કલમ- ૪૩૭(એ) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રૂપિયા ૧૦,૦૦૦/- અંકે રૂપિયા દશ હજાર પુરાના જાત તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૨મી, માહે- ફેબ્રુઆરી, સને -૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૨/૨૦૨૧
સ્થળ- ડીસા.

(ભુપેન્દ્રકુમાર જી. દવે)
બીજા એડીશ્નલ સેશન્સ જજ, ડીસા.
(કોડ નં.જીજે૦૦૪૬૯)